# બનાસકાંઠા જીલ્લા પોલીસ દ્વારા કરેલ સારી કામગીરી (તા.૧૨/૦૫/૨૦૨૫ થી તા.૧૮/૦૫/૨૦૨૫ સુધી)

(૧)

તા.૧૫/૦૫/૨૦૨૫ ના કલાક.૧૨/૪૫ વાગે. મોજે શિહોરી,ભાવાનીપાટી, રામાપીસરના મંદિર આ કામના મજકુર (૧) મનુભા ભીખુભા જાતે સોલંકી ઉ.વ.૨૩ ધંધો.મજુરી રહેવાસી.શિહોરી, ભાવાનીપાટી તા.કાંકરેજ જી.બનાસકાંઠા તથા (૨) સુરજભાઇ કાંતીલાલ જાતે પંચાલ ઉ.વ.૩૫ ધંધો.મજુરી રહેવાસી.શિહોરી, ભાવાનીપાટી તા.કાંકરેજ જી.બનાસકાંઠા તથા (૩) ઝીલુભા વિક્રમસીંહ જાતે ડાભી ઉ.વ.૨૮ ધંધો.ખેતી રહેવાસી.શિહોરી, હેમાણીપાટી તા.કાંકરેજ જી.બનાસકાંઠા તથા (૪) દલપતસીંહ હાવુભા જાતે ભટેસરીયા ઉ.વ.૨૦ ધંધો.મજુરી રહેવાસી.શિહોરી, ભાવાનીપાટી તા.કાંકરેજ જી.બનાસકાંઠા વાળાઓ શિહોરી,ભાવાનીપાટી, રામાપીસરના મંદિરના પાછળના ભાગે ખુલ્લા ચોકમા તેઓના અંગત ફાયદા સારૂ ગંજીપાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતા રોકડ રકમ રૂ.૧૦૨૦૦/- તથા ગંજીપાના નંગ-૫૨ કિ.રૂ.૦૦/૦૦ એમ કુલે મળી રૂ.૧૦૨૦૦/- ના મુદામાલ સાથે પકડાઇ જઇ ગુનો કરેલ હોઇ શિહોરી પો.સ્ટેશન પાર્ટ બી ગુ.ર.નં.૧૧૧૯૫૦૪૪૨૫૦૩૬૫/૨૦૨૫ જુગાર ધારા કલમ.૧૨ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૨)

તા.૧૭/૦૫/૨૦૨૫ ના કલાક - ૦૧/૩૦ મોજે માવસરી ગામની સીમમાં માવસરી થી બાખાસર જતા રોડ ઉપર આ કામના તહોદારો ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ - ૬૫એઇ, ૧૧૬(૨), ૯૯, ૯૮(૨), ૮૧ મુજબ તે એવી રીતે કે, પીક અપ ડાલા રજી નં. GJ-27-X-3719 ના ચાલક શીવાભાઇ મહાદેવજી ગોહીલ રહે.ખીમાણા પાદર તા.વાવ જી.બનાસકાંઠા તથા ખાલી સાઇડમા બેઠેલ ઇસમ જેઠુસિંહ નિમસિંહ જાતે સોઢા રાજપુત રહે.બાવડીકલ્લા,ઇબ્રેકા તલ્લા, તા.ચૌહટન જી.બાડમેર (રાજસ્થાન) વાળાઓએ પોતાના કબજા ભોગવટાના પીકઅપ ડાલામાં ગે. કા. અને વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ તથા બિયરની બોટલ/ટીન નંગ-૪૦૨૦ કિં.રૂ.૬,૪૧,૦૪૦/- તથા પીકઅપ ડાલા નં.GJ-27-X-3719 કિં.રૂ. ૪,૦૦,૦૦૦/-ની તથા રોકડ રૂ.૧૫૨૦૦/- રોકડા તથા બે મોબાઇલ મળી કિ.રૂ.૩૫૦૦૦/- એમ કુલ કિં.રૂ.૧૦,૯૧,૨૪૦/- નો મુદામાલ સાથે મળી આવી બન્ને ઇસમો પકડાઇ જઇ ગુનો કરેલ હોઇ માવસરી પો.સ્ટે પાર્ટ સી ગુ.ર.નં. ૧૧૧૯૫૦૩૦૨૫૦૦૮૦/૨૦૨૫ ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ - ૬૫એઇ, ૧૧૬(૨), ૯૯, ૯૮(૨), ૮૧ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૩)

તા.૧૬/૦૫/૨૦૨૫ ના કલાક ૨૩/૦૦ થી તા.૧૭/૦૫/૨૦૨૫ ક. ૦૬/૫૫ વાગ્યા દરમ્યાન મોજે ધાનેરા નેનાવા ચેક પોસ્ટ ઉપર આ કામના તહોદાર (૧) ભગીરથ પાંચારામ વિશ્નોઇ(ગોદારા) ઉ.વ.૩૫ ધંધો. ટ્રાવેલ્સનો કંડક્ટર રહે.સીયા કોકાવાસ કોજા તા.ધોરીમના જી.બાડમેર (૨) કુંભસીંહ રાજુસીંહ રાઠોડ(રાજપુત) ઉ.વ.૫૨ ધંધો.ડ્રાઇવિંગ રહે.ઝુંડ તા.ગીડા જી.બાલોતરા (રાજસ્થાન) (૩) સુરેન્દ્રસીંહ અલસીસીંહ જાતે રાજપુત ઉ.વ.૨૭ ધંધો.ડ્રાઇવિંગ રહે.ખુરી તા.જી.જેસલમેર (રાજસ્થાન)વાળાઓએ પોતાના કબજામાંની બજરંગ ટ્રાવેલ્સ રજી નં AR 11 D 1929 ના ટુલબોક્ષમાં કાળા કલરના થેલામાં ગે.કા અને વગરપાસ પરમીટે માદક પદાર્થ ઓપીયમ ડેરીવેટીવ્સ (અફીણનો રસ) જે મુદ્દામાલનુ ચોખ્ખુ વજન ૮૯૫ ગ્રામ થાય છે. જેની કુલ કિ.રૂ ૮૯,૫૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૦૩ કિ.રૂ. ૨૦,૦૦૦/- નો તથા આધાર કાર્ડ નંગ-૦૧ કિ.રૂ. ૦૦/૦૦ નો તથા કાળા કલરનો થેલો નંગ-૦૧ કિ.રૂ. ૦૦/૦૦ નો તથા ટ્રાવેલ્સ રજી.નં. AR 11 D 1929 ની કિ.રૂ. ૩૦,૦૦,૦૦૦/- નો તથા રોકડ રૂ.૨૫૦/- ની તથા ત્રણ ચાવીનો બંચ-૦૧ કિ.રૂ. ૦૦/૦૦ ની એમ કુલ કી.રૂ. ૩૧,૦૯,૭૫૦/- નો મુદામાલ રાખી મળી આવી પકડાઇ જઇ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ હોઇ ધાનેરા પો.સ્ટે. પાર્ટ B ગુ.ર.નં-૧૧૧૯૫૦૧૮૨૫૦૩૪૨/૨૦૨૫ N D P S એક્ટ કલમ. ૮(સી), ૧૭(બી), ૧૮(સી), ૨૯ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.